# ધારાસભ્ય અને મેયરના નિવાસસ્થાને કોંગ્રેસના દેખાવો

**૧૫૦ કાર્યકરોનું ટોળુ રૂ. ૫૦૦-૧૦૦૦ની નોટો બદલવા પહોંચ્યું : ૬૦ની પોલીસે અટકાયત કરી**





ગાંધીનગર, તા.૨૭

જન આક્રોશ સપ્તાહ અંતર્ગત આજે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા સે-૭માં રહેતા ધારાસભ્ય અને સે-૨૨માં મેયરના નિવાસસ્થાને પહોંચી રૂ. ૫૦૦-૧૦૦૦ની નોટો બદલી આપવા દેખાવો કર્યા હતા. સુત્રોચ્ચાર શરુ કરી નિવાસસ્થાને ઘેરાવો કરવા જતા ૬૦ જેટલા આગેવાનો-કાર્યકરોની અટકાયત પોલીસે કરી લીધી હતી. સાંજે તમામ અટકાયતીઓને પોલીસ હેડ કવાર્ટરથી મુકત કરવામાં આવ્યા હતા.

સરકારના નોટબંધીના નિર્ણય બાદ પડી રહેલી હાલાકીઓને પગલે જન આક્રોશ વ્યકત કરવા ગુજરાત કોંગ્રેસે 'જન આક્રોશ સપ્તાહ'નું આયોજન કર્યુ હતું. આ કાર્યક્રમ અંતર્ગત આજે ચોથા દિવસે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલના સે-૭ ખાતેનાં નિવાસસ્થાને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, ધારાસભ્યો અમીતભાઈ ચૌધરી, કામીનીબા રાઠોડ, પ્રવકતા નિશીત વ્યાસની આગેવાની હેઠળ કાર્યકરોએ ઘેરાવો કર્યો હતો તે ઉપરાંત સે-૨૨ ખાતે રહેતા શહેરના મેયર પ્રવિણભાઈ પટેલના નિવાસસ્થાને પણ ઘેરાવો કરવામાં આવ્યો હતો. ૧૫૦ જેટલા કોંગી આગેવાનો-કાર્યકરોએ રૂ. ૫૦૦-૧૦૦૦ની બંધ થયેલી નોટો બદલવા દેખાવો કરી સુત્રોચ્ચાર શરૂ કર્યો હતો. પોલીસે બંને સ્થળેથી મળીને ૬૦ જેટલા આગેવાનો કાર્યકરોની અટકાયત કરી લીધી હતી અને તમામને પોલીસ હેડ કવાર્ટર લઈ જવાયા હતા. સાંજના અરસામાં તમામ અટકાયતી કોંગી આગેવાનો-કાર્યકરોને પોલીસે મુકત કર્યા હતા.

# સેક્ટર-૪ના પ્રજાપતિ પરિવારને નડ્યો ગંભીર અકસ્માત : પત્નીનું મૃત્યુ - પતિને ગંભીર ઈજા

**સામાન્ય વહીવટ વિભાગના નાયબ સેકશન અધિકારી ડી. કે. પ્રજાપતિની કારને નારદીપુર-પલિયડ માર્ગ પર નડેલ ગંભીર અકસ્માત**

ગાંધીનગર, તા. ૨૭

હસતા-રમતા પરિવાર પર આફતનું વંટોળ ક્યારે આવે છે તે નક્કી હોતુ નથી. વંટોળમાં પરિવાર વિખુટો પડી જાય છે ત્યારે આપણે હેબતાઈ જઈએ છીએ. આપણને દુઃખ તો થાય છે. તેને વિધિના લેખ માની સહજતાથી આફતના વંટોળને સ્વીકારી લઈએ છીએ. આવા કપરા વિધિના લેખનો ભોગ ગાંધીનગરના સેક્ટર-૪-બીમાં રહેતો પ્રજાપતિ પરિવાર બન્યો છે.

ગાંધીનગરના સેક્ટર-૪-બીના પ્લોટ નં. ૩૮૨/૧માં દેવજીભાઈ કામરામભાઈ પ્રજાપતિ રહે છે. દેવજીભાઈના નાનકડા પરિવારમાં પત્ની સવિતાબેન, દીકરો ચેતન અને દીકરી દિપીકાનો સમાવેશ થાય છે. દેવજીભાઈએ દીકરાના લગ્ન અને દીકરીનું કન્યાદાન કરી દીધુ છે. બન્ને દીકરા-દીકરીના ઘરે દેવના દીધેલ દીકરા-દીકરી પણ છે. દેવજીભાઈ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગની પ્રોટોકલ શાખામાં ડીવાયએસઓમાં ફરજ બજાવે છે. દીકરો ચેતન સેક્ટર-૧૬માં ફ્લેક્ષ બેનર બનાવવાનો વ્યવસાય કરે છે. આર્થિક રીતે પરિવાર સાધન-સંપન્ન તો છે જ પણ સાથે દેવજીભાઈથી લઈ પરિવારનો દરેક સભ્ય સ્વભાવે પણ તેટલો ઉદાર. દેવજીભાઈને ભગવાને માંગ્યા જ વગર બધુ આપી દીધુ હતુ. તેમ છતાં મનની શાંતિ માટે અને શ્રદ્ધાથી દેવજીભાઈ ધાર્મિક પ્રસંગો મંદિરોમાં હાજરી આપવાનું ચુકતા ન હતા.

તા. ૨૪મી નવેમ્બરના રોજ રાત્રીના ૯ કલાકે દેવજીભાઈ અને તેમના પત્ની સવિતાબેન સાથે કલોલ તાલુકાના પલિયડ ખાતે ચહેર માતાજીના દર્શન માટે જવા નીકળ્યા હતા. શ્રદ્ધા સાથે ચહેરમાના દર્શન કરવા નીકળેલા દેવજીભાઈ-સવિતાબેન પોતાની ફ્રન્ટી ગાડી નં. નં. જીજે.૧૮.એબી.૭૬૭૦ લઈને ગાંધીનગરથી થોડીક જ મિનિટોમાં પલિયડ જવાના માર્ગ પર ચઢી ગયા હતા. તેઓની ફ્રન્ટી ગાડી નારદીપુરથી પલિયડ જવાના માર્ગ પર જતી હતી. ત્યારે રાત્રીના સમયમાં નવાગામ પાસે કાળ બનીને એક નીલગાય ગાડીની આગળ આવી હતી. નીલગાયને બચાવવા માટે દેવજીભાઈએ ગાડીને બ્રેક મારી હતી. ગાડી બેકાબુ બની ગઈ હતી. માર્ગની નજીક આવેલા એક ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ ગઈ હતી. અકસ્માત બાદ ગભરાઈ ગયેલા દેવજીભાઈએ થોડાક સ્વસ્થ થઈને પલિયડ ગામમાં પોતાના મિત્રને ફોન કરી અકસ્માતની જાણ કરી હતી. જાણ થતાં તેમના મિત્ર ગણતરીની જ મિનિટમાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પણ ફ્રન્ટીના દરવાજા ખુલી શક્યા ન હતા. ગાડીના તમામ કાચ તુટી ગયા હતા. પરંતુ દેવજીભાઈ અને સવિતાબેનને ભારે ઈજા થઈ હોવાથી બારીમાંથી કાઢવા પણ મુશ્કેલ હતા. જેથી દરવાજા કોશ જેવા સાધનથી તોડી નાખી દંપતિને બહાર કાઢી સારવાર અર્થે લઈ ગયા હતા. પરંતુ સવિતાબેનનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયુ હતુ. જ્યારે દેવજીભાઈને પાંસડી સાથે હાથપગે ભારે ઈજાઓ થઈ હોવાથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. તે પછી તેમને હાઈટેક હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે.

# ગાંધીનગર છેડાલ પરગણા વણકર સમાજનો સ્નેહમિલન અને સન્માન સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૨૭

ઝાંઝરકાના મહંત અને રાજ્ય સભાના સાંસદ શંભુપ્રસાદ ટુંડીયાએ નોટબંધી અંગે માહિતી આપતાં જણાવ્યું કે મધ્યમ વર્ગને કોઈ જ પ્રકારનું નુકશાન ન થાય તેનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખ્યાલ આપ્યો છે. આ તો દેશને કૌભાંડોની હારમાળા આપી કાળુ નાણું ભેગુ કરનારને તકલીફ છે. મારા દલિત સમાજને કોઈ જ નુકશાન નથી.

અનામતના અધિકાર અંગે માહિતી આપતા વધુમાં જણાવ્યું કે ૧૦૦૦ વર્ષ પહેલા વીર મેઘમાયાએ પોતાના સમાજ માટે માંગણી કરી હતી અને તે સ્વીકારવામાં આવેલ હતી તે ઉપરાંત ભારતના આઝાદીના ઈતિહાસની માહિતી આપી ડૉ. બાબા સાહેબના બંધારણમાં ફેરફાર થશે તેવા અપપ્રચારની વિસ્તૃત માહિતી આપી આદરણીય વડાપ્રધાન પણ બક્ષીપંચ સમાજમાંથી આવે છે. ગુજરાતી છે તેનો ગૌરવ લો, બંધારણમાં કોઈ ફેરફાર થશે જ નહી તેની સાંસદ તરીકે ખાત્રી આપી હતી અને કહ્યું હતું કે, છેડાલ સમાજના ભવન માટે મારી ગ્રાન્ટની જરૂર હોય તો હું ચોક્કસથી મદદ કરીશ.

ગુડાના ચેરમેન આશિષ દવેએ આ સમાજમાં બીજી વખત આવવાનો લ્હાવો મળ્યો તે બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

ફિલ્મ સ્ટાર હિતુ કનોડીયાને ફિલ્મી અંદાજમાં જણાવ્યું કે હું કલાકાર તરીકે આ સ્ટેજે પહોંચ્યો તે સંઘર્ષભરી દાસ્તાન વર્ણવી હતી, કોઈ પણ ટાર્ગેટ પહોંચવા સંઘર્ષ કરવો જ રહ્યો.

સમાજના બે ગાયનેક એમ.ડી. જીજ્ઞેશ ડોડીયા અને શ્વેતા મકવાણાએ આ ડીગ્રી પર પહોંચવા કરેલ મહેનત વર્ણવી હતી તે પ્રમાણે આ તેજસ્વી તારલાઓ પણ મહેનત કરે.

સમાજના કોષાધ્યક્ષ ગોવિંદભાઈ પટેલ, રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી એવોર્ડ, કંપની કમાન્ડર તરીકે હોમગાર્ડમાં વિશિષ્ટ કામગીરી કરવા બદલ મળતા તેમનું સન્માન રાજ્ય સરકાર દ્વારા તેમજ પી. ગોવિંદને બે એવોર્ડ ઉપરાંત ગત વર્ષે મહેન્દ્રભાઈ વોરા અને નરસિંહભાઈ વોરાને આપેલ એવોર્ડનું પણ સન્માન કરાયું હતું. સમાજના સફળ સમૂહલગ્ન કરાવનાર નીલદીપના રણજીત મકવાણાનું પણ સન્માન કરાયું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમનું સુચેરૂ સંચાલન દક્ષાબેન પરમારે કર્યુ હતુ. ઉપરાંત વરિષ્ટ ઉંમરે પણ તેમને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લઈ સમાજને જુના રીતરીવાજો છોડી નવી પેઢીને પ્રેરણા પુરી પાડી હતી. તેમજ તમામ કાર્યક્રમની રૂપરેખા સમાજના મહામંત્રી બાબુભાઈ સોલંકી દ્વારા તૈયાર કરવામાં આવી હતી. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન સમાજના પ્રમુખ નયન સોલંકીએ કર્યુ હતુ. કાર્યક્રમનું સફળ સંચાલન સમાજના સલાહકાર મણીલાલ સોલંકીએ કર્યુ હતુ. આભારવિધિ સમાજના મહામંત્રી બાબુભાઈ સોલંકીએ કરી હતી.

# ચિલોડા વિમા ગ્રામ અંતર્ગત ૭૫ હજારનો ચેક એનાયત કરાયો

**ગ્રામ વિકાસ માટે નાણાં ખર્ચાશે : સરપંચ સવાજી ઠાકોર : એલઈડી લાઈટની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે ભારતીય વિમા નિગમ દ્વારા ગામના સરપંચશ્રી સવાજી ઠાકોરને ચેક અર્પણ**

ચિલોડા, તા.૨૭

તાલુકાનું મોખરાનું સ્થાન ધરાવતું ચિલોડા મોટા ગામ દિન પ્રતિદિન સ્માર્ટ વિલેજ બનવા સજ્જ થઈ રહ્યુ છે. ગામ સુવિધાથી પાણી, લાઈટ-આર.સી.સી. રોડ વગેરે પ્રાથમિક સવલતો નાગરિકોને મળી રહી છે ત્યારે ચિલોડા આદર્શ ગામના સ્વપ્નને સાકાર કરવા કદમ મિલાવી રહ્યુંછે. હવે ચિલોડામાં ૭૫ હજારના ખર્ચે એલઈડી લાઈટની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે ભારતીય વિમા નિગમ દ્વારા ગામના સરપંચશ્રી

ચેક વિતરણ કાર્યક્રમમાં નિગમના વિકાસ અધિકારી મનોજભાઈ પાત્રા, જિલ્લા પંચાયત ગાંધીનગરના કારોબારી ચેરમેનશ્રી અરવિંદસિંહ સોલંકી, યાકુબભાઈ મનસુરી, નટુભાઈ પટેલ, પત્રકાર મંડળીના ચેરમેનશ્રી શામજીભાઈ પટેલ, ચેરમેનશ્રી જૈમિન પટેલ વીમા સલાહકાર વિપુલ પ્રજાપતિ, મનિષ પ્રજાપતિ, ગ્રામ પંચાયતના સદસ્યો, ડે. સરપંચશ્રી કરણસિંહ વાઘેલા ગામ આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં




સવાજી ઠાકોરને ચેક અર્પણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે સરપંચશ્રીએ વિમા ગ્રામ યોજના હેઠળ મળેલ માતબર રકમનો ચેક સ્વીકારતા જણાવ્યું કે ગામમાં વિકાસલક્ષી વિવિધ સુવિધા ઉપલબ્ધ થઈ છે આ ૭૫ હજારનો ચેકના નાણાંનો ઉપયોગ ગામ વિકાસમાં થશે.

મહાનુભાવોએ ગ્રામ પંચાયતમાં શુધ્ધ પીવાનું પાણી મળે તે માટે આર.ઓ. પ્લાન્ટની સુવિધા ઉપલબ્ધ થાય તેવી ઈચ્છા વ્યકત કરી હતી. ટૂંક સમયમાં ગામના વીજ બીલમાં બચત થાય તેવી એલઈડી લાઈટ નંખાશે તેવો મત સરપંચશ્રીએ વ્યકત કર્યો હતો.



ગાંધીનગરમાં નોટબંધીના માહોલમાં બેંકો તથા બેંકિંગ કર્મચારીઓ દ્વારા સતત ખડેપગે સેવાઓ આપી નાગરિકોને મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કરાયો છે. આ પરિસ્થિતિમાં સેક્ટર-૭ની દેના ગુજરાત ગ્રામીણ બેંક દ્વારા નવા સેવિંગ્સ એકાઉન્ટસ ખોલવાનો મેગા કેમ્પ હાથ ધરી નાગરિકોને રોકડના વ્યવહારથી બેંક વ્યવહારને અપનાવવા તરફ આગળ વધવા પ્રેરિત કરાઈ રહ્યાં છે. આ કેમ્પની ગાંધીનગરના કલેક્ટર સતિષ પટેલે રૂબરૂ મુલાકાત લીધી હતી. ત્યારે તેમને બેંકના જનરલ મેનેજર રાકેશ ચાલવરિયા તથા સિનિયર મેનેજર કે.એચ. પટેલ દ્વારા આવકારવામાં આવ્યા હતા.

# પ્રયાસ સંસ્થાના યુવાનો દ્વારા રાહેલબા વૃધ્ધાશ્રમમાં કરીયાણાની કીટ અર્પણ

ગાંધીનગર, તા.૨૭

પ્રયાસ સંસ્થાના યુવાનો દ્વારા સતત જરુરીયાત મંદ નાગરીકો સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવે છે. સેવાભાવી યુવાનો વર્ષ દરમિયાન વિવિધ સ્થળો પર જઈને મદદ કરી સેવા યજ્ઞ ચાલુ રાખે છે. ત્યારે આજે પ્રયાસ સંસ્થાના સભ્યો રાહેલબા વૃધ્ધાશ્રમ ખાતે ગયા હતા. અને ત્યાં રહેતા વડિલોને મળીને વિચારોની આપલે કરી હતી અને આનંદમય દિવસ પસાર કર્યો હતો. યુવાનોએ રાહેલબામાં દાળ, ચોખા, હળદર, મરચું, તેલ, સાબુ, લોટ સહિતની કરીયાણાનો જરુરી સામાનની કીટ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના સાત્વિક ત્રિવેદી, કેતન ભાવસાર, સંજય નાયી, કિર્તી ઠાકોર, સંકેત ગોર, કદર્પ ભટ્ટ,દિશા પોપટ, કાજલ, ડો.પરાગી ગાંધી સહિતના સૌ સભ્યો સેવાથી વ્યકિતને સંતોષ મળે એજ સેવાનો ખરો આનંદ છે તેમ હર્ષભેર જણાવે છે.

# IT રદ કરો, માત્ર ૨ ટકા BTT મોદીને ૮૦ લાખ કરોડના ઢગલા કરી આપશે

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

લોકસભા ૨૦૧૪ની ચૂંટણી દરમ્યાન બાબા રામદેવ અને યશવંતસિંહા એવું કહેતા હતા કે સરકારે ઈન્કમટેક્સ સહિતના તમામ ટેક્સ નાબૂદ કરી માત્ર બેન્ક ટ્રાન્ઝકશન ટેક્સ- બીટીટી- લાગુ કરવો જોઈએ કે જેથી સરકારની આવકમાં પુષ્કળ વધારો થશે અને લોકોની હાલાકી ઘટશે. નરેન્દ્ર મોદી આ ફોર્મ્યુલા સાથે સહમત પણ થયા હતા. હવે દેશનો એક કોમન મેન અને મિકેનિકલ એન્જીનિયર અનિલ બોકિલ કહે છે કે ભારતમાં રોજ ૮૦૦ લાખ કરોડનું બેન્ક ટ્રાન્ઝક્શન થાય છે જે માત્ર ૨૦ટકા છે. જો બધાં વ્યવહારો બેન્કથી થાય તો તે ૪૦૦૦ લાખ કરોડ પહોંચી શકે છે. આ વ્યવહારોમાં માત્ર બે ટકા કાપી લેવામાં આવે તો હાલના ૫૬ વેરાઓની કુલ ૧૪ લાખ કરોડની આવક સામે ૮૦ લાખ કરોડ થઈ શકે છે. સરકારે માત્ર કસ્ટમ અને ઈન્પોર્ટ ડ્યુટી જ ચાલુ રાખવાની છે. સરકારની તિજોરી છલોછલ અને કોઈ ઝંઝટ જ નહીં!

**કડવું પણ સત્ય કહેતા મહાઅમાત્ય ચાણક્યનો મોદીએ સ્ટડી કર્યો છે ...**

**ગુજરાત નહીં ગોવા કેશલેશ સ્ટેટ બનશે...**

ગુજરાત રાજ્ય ભારત દેશમાં સૌ પ્રથમ છે તેવા બણગાં હવે ફૂંકવાના બંધ થયા હોય તેમ લાગે છે, કારણ કે ઔદ્યોગિક મૂડીરોકાણ અને સોલાર પ્રોજેક્ટ્સમાં ગુજરાતે તેનો ક્રમ ગુમાવ્યો છે. મોદીનું જે સપનું છે તે કેશલેસ ઈકોનોમિમાં ગુજરાત નહીં ગોવા પ્રથમ રાજ્ય બનવા જઈ રહ્યું છે. ૩૧ ડિસેમ્બરના રોજ ગોવા દેશનું પહેલું કેશલેસ સ્ટેટ બનશે. લોકો મોબાઈલનું બટન દબાવીને તેમની જીવન જરૂરિયાતની ચીજવસ્તુ મેળવી લેશે. ગોવામાં કોઈ વ્યક્તિ પર્સ નહીં રાખે, મોબાઈલ સાથે હશે. લેન-દેન માટે લોકોએ મોબાઈલથી *99# ડાયલ કરવાનો રહેશે. જો કે આ સિસ્ટમ માટે સ્માર્ટફોન હોવો જરૂરી નથી. આ સુવિધા તેમને ત્યાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે કે જેમને ત્યાં સ્પાઈપ મશીન હશે. બાકી એટીએમ અને ક્રેડીટ કાર્ડથી પેમેન્ટ કરી શકાશે.

**ડોલર સામે રૂપિયો ૭૨.૫૦ થઇ જશે...**

લોકસભાની ચૂંટણીમાં મનમોહનસિંહની સરકારને રૂપિયાના અવમૂલ્યન અંગે નરેન્દ્ર મોદીએ ભરપેટ ટીકા કરી હતી પરંતુ હવે મોદીનો વારો આવ્યો છે. ડોઈશ બેન્કનો એક રિપોર્ટ કહે છે કે ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં રૂપિયો ૭૦ના માર્ક સાથે અને ૨૦૧૭માં ૭૨.૫૦ના માર્ક સાથે ઘસાતો જશે. એટલે કે એક ડોલરનો ભાવ ૭૨.૫૦ રૂપિયા થઈ ગયો હશે. ૧૯૧૭માં એક રૂપિયો બરાબર ૧૩ ડોલર હતો. એટલે કે આઝાદી પહેલાં રૂપિયાનું આટલું મૂલ્ય હતું. આજે એ સ્થિતિ પહોંચી છે કે ડોલર સામે રૂપિયો સતત ઘસાતો ગયો છે. ૧૯૪૭માં એક રૂપિયા બરાબર એક ડોલર હતો. કોંગ્રેસના શાસનમાં ૧૯૯૦માં ડોલર સામે રૂપિયો ૧૮.૧૧ હતો. ૧૯૯૧માં ૨૫.૭૯ રૂપિયા થયો હતો. ૧૯૯૯માં બાજપેયીના શાસનમાં ૪૩.૪૫ રૂપિયાનો ભાવ હતો. ૨૦૧૨માં રૂપિયો ઘટીને ૫૫.૪૫ થયો હતો. લોકસભાની ચૂંટણી પહેલાં યુપીએ શાસનમાં રૂપિયો ૬૦ની આસપાસ રહ્યો હતો. આજે ૬૬થી નીચે જતો નથી.

**કરન્સી લેસ જીંદગી માટે તૈયાર થાવ...**

સાચા અર્થશાસ્ત્રી મહાઅમાત્ય ચાણક્ય હતા. તેમનું એક વાક્ય છે કે- ''પ્રજા પાસેથી કરવેરા એવી રીતે વસૂલ કરો જેવી રીતે મધમાખી ફૂલમાંથી રસ ચૂસે છે. ફૂલને નુકશાન પણ ન થાય અને તેનું સૌંદર્ય જળવાઈ રહે અને તેને ખબર પણ ન પડે.'' આ વાક્ય મોદીને પણ ખૂબ ગમ્યું હોય તેવું લાગે છે, કારણ કે પહેલાં મોદી કેસલેસ ટ્રાન્ઝેક્શનની લોકોને આદત પાડી રહ્યાં છે અને પછી ધીમે ધીમે કેન્દ્ર સરકારના વેરાઓની નાબૂદ કરવાની દિશામાં આગળ વધી રહ્યાં છે. અર્થક્રાન્તિની આ સચોટ ફોર્મ્યુલા છે. પહેલાં લોકો વિરોધ કરશે પરંતુ ત્યારબાદ લોકો તેને સ્વિકારશે. આવું મોદીના કેસમાં પણ થયું છે. પહેલાં તેમનો વિરોધ થયો, પછી લોકોએ તેમને સ્વિકારવાનું શરૂ કર્યું. આપણી આર્થિક સ્થિતિમાં પણ મોદી આ પ્રયોગ કરવા માગે છે. વિશ્વના વિકાસશીલ દેશોની હરોળમાં ભારતને લઈ જવા માટે મોદીએ કરન્સી લેસ ટ્રાન્ઝેક્શનનો કિમીયો અપનાવ્યો છે. દેશ અને વિશ્વના આર્થિક નિષ્ણાંતો કહી રહ્યાં છે કે મોદીનું આ ક્રાન્તિકારી પગલું લાંબા ગાળે ભારતની સવા સો કરોડની જનતાને રાહત આપનારૂં સાબિત થશે.

**૨૦૦૦ની નોટ લઇ જાવ, નથી જોઇતી અમારે ...**

એક તરફ મોદી કહે છે કે જૂની નોટો રદ થવાથી લોકો અને ગરીબોને ફાયદો થશે પરંતુ ગરીબ તો ઠીક મધ્યમવર્ગને મહા મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મોદીએ ચલણમાં ૨૦૦૦ની નોટ દાખલ કરી અને સૌથી વધુ ઉપાધિ આ નોટમાં આવી છે. લોકોને છૂટ્ટા પણ મળતા નથી. હવે તો ચોરને પણ આ નોટ જોઈતી નથી. બેંગુલુરૂના તસ્કરો પણ ૨૦૦૦ની નોટ પસંદ કરતા નથી. આ સિટીમાં ચોરવામાં આવેલી કેશવાનમાં એક કરોડ ૩૫ લાખ રૂપિયા હતા. જ્યારે ચોરી પકડવામાં આવી ત્યારે વાનમાં જોયુ તો ૨૦૦૦ના બંડલો એમ ને એમ પડ્યા હતા પરંતુ ૧૦૦ના દરની નોટના ૯૨ લાખ ગાયબ થઈ ગયા હતા. એટલે કે હવે ૧૦૦ રૂપિયાની ચોરી મશહૂર બની છે.

**૧૯૧૭માં ૧ રૂપિયા સામે ૧૩ ડોલર હતા જ્યારે ૧૯૪૭માં ૧ સામે ૧ હતો...**

**લાલ કેળાંની ખેતી- કેન્સર સામે રક્ષણ ...**

બારાબંકી જિલ્લાના દોલતપુર ગામમાં રામશરણ વર્મા નામના ખેડૂતે તેના ખેતરમાં લાલ કેળાં ઉગાડવાનું શરૂ કર્યું છે. આ ખેતરને જોવા માટે આખા ઉત્તરપ્રદેશના ખેડૂતો મુલાકાત લઈ રહ્યાં છે. લાલ રંગના કેળાં સામાન્ય રીતે ઓસ્ટ્રેલિયા, અમેરિકા, વેસ્ટઈન્ડિઝ અને મેક્સિકો જેવા પ્રદેશોમાં જોવા મળે છે. ભારતમાં તામિલનાડુ રાજ્યમાં કેટલીક જગ્યાએ આ કેળાં જોવા મળે છે. હવે ઉત્તર પ્રદેશમાં આ પ્રયોગ થઈ રહ્યો છે. ઈન્ડિયન ડાઈટિક એસોસિયેશનના સિનિયર ડાયટીશિયન વિજશ્રી પ્રસાદ કહે છે કે લાલ કેળાંમાં પોટેશ્યમ, આર્યન અને વિટામીન વધુ જોવા મળે છે અને સુગરની માત્રા ઓછી છે. તેમાં બીટા કેરોટીન અને ફાઈબરની માત્રા સૌથી વધુ જોવા મળ્યું છે કે જેથી કેન્સર અને હદય સબંધી બિમારી માટે લાલ કેળાં ઉત્તમ માનવામાં આવે છે.

**ચંન્દ્ર અને એવરેસ્ટ જૂની નોટો સામે ફિક્કા...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૦૦૦ અને ૫૦૦ના દરની નોટોને રદ કરતાં ભારતીય રિઝર્વ બેન્ક પાસે ૩૦મી ડિસેમ્બર સુધીમાં ૧૪ લાખ કરોડની નોટો જમા થશે. આ નોટોનો નિકાલ કરવામાં મોટી મુસિબત ઉભી થવાની છે. જો આ નોટોને પાથરવામાં આવે તો ચંન્દ સુધીનો રસ્તો પાંચવાર બની શકે તેમ છે. ધરતી થી ચંન્દ્રનું અંતર ત્રણ લાખ ૮૪ હજાર ૪૦૦ કિલોમીટરનું છે. જૂની નોટને એક ઉપર એક એમ રાખવામાં આવે તો તેની ઉંચાઈ માઉન્ટ એવરેસ્ટ કરતાં પણ વધી જાય તેમ છે. એવરેસ્ટ કરતાં ૩૦૦ ટકા વધુ ઉંચાઈ થાય તેમ છે. એવરેસ્ટની ઉંચાઈ ૮૮૪૮ મીટર છે પણ નોટોની ઉંચાઈ ૨૮ લાખ ૫૪ હજાર મીટર થાય તેમ છે. આ ગણિત આંતરરાષ્ટ્રીય ન્યૂઝ કંપની બ્લૂમબર્ગનું છે.

**કાર અને રિયલ્ટી માર્કેટ ખતરામાં છે...**

જૂની અને નવી કાર તેમજ રિયલ્ટી માર્કેટ ખતરામાં આવી ગયું છે. જૂની નોટોના કારણે આ બન્ને સેક્ટરને માઠી અસર પડી છે. એક અભ્યાસ પ્રમાણે દેશના ૪૨ પ્રમુખ શહેરોમાં જમીન અને મકાનની કિંમતમાં ૩૦ ટકા ઘટાડો થયો છે. બીજી તરફ ઓટોમોબાઈલ સેક્ટરમાં ૨૦ ટકાની કટૌતી થઈ છે. બેકારીનો દર પણ વધી શકે છે. દેશની મોટી કંપની એલ એન્ડ ટી એ એકસાથે ૧૪,૦૦૦ લોકોને નોકરીમાંથી છૂટા કરવાના કરેલા એલાન પછી બીજી કંપનીઓ પણ કોસ્ટ કટીંગનું વિચારી રહી છે. નોટ બંધીની અસર આવનારા છ થી બાર મહિના પછી વર્તાય તેમ લાગે છે. નિષ્ણાંતો કહે છે કે ૨૦૦૮ની મંદી પછી રિયલ એસ્ટેટને ૮ લાખ કરોડ કરતાં વધુનું નુકશાન ભોગવવું પડશે. સેકન્ડ હેન્ડ કારનું માર્કેટ તો ધરાશયી થઈ ચૂક્યું છે પરંતુ જૂની કારની કિંમત વેપારીઓ પકડીને બેઠા છે પરિણામે કારનું મેઈનટેનન્સ મોંઘુંપડી રહ્યું છે.